# ટ્રેનમાં સુરક્ષાકર્મીના સ્વાંગમાં યાત્રીઓ પાસેથી નાણાં પડાવતો ગઠિયો ઝડપાયો

**અમદાવાદ- પાલનપુર વચ્ચે ટ્રેનમાંથી નકલી સુરક્ષાકર્મી ઝડપાયો : વર્દી પહેરી વિકલાંગયાત્રીઓ પાસેથી નાણાં પડાવતો હતો : પાલનપુર આરપીએફની ટીમે શંકાના આધારે વોચ રાખી ઝડપી લીધો**




પાલનપુર

પાલનપુર આરપીએફ પોલીસની ટીમે અમરાપુર–અરાવલી એક્ષપ્રેસ ટ્રેનમાં રેલવે સુરક્ષા દળના જવાનના સ્વાંગમાં વિકલાંગ યાત્રીઓનું ચેકિંગ કરી તેમની ટિકિટ અને પાસ તપાસવાના બ્હાને નાણાં પડાવતા પાટણના એક શખ્સને ગુરૂવારે ઝડપી લીધો હતો. જેને પાલનપુર ખાતે ગુજરાત રેલવે પોલીસને સોંપતા પીએસઆઈએ વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર આરપીએફ પોલીસની ટીમને રેલવે સુરક્ષા દળની વર્દી પહેરી વિકલાંગ કોચમાં યાત્રીકો પાસેથી નાણાં પડાવતાં એક શખ્સને ઝડપી લીધો હતો. આ અંગે પાલનપુર આરપીએફ પીઆઈ નિતિનકુમાર ગુર્જરે જણાવ્યું હતુ કે, અમદાવાદથી ઉપડેલી અમરાપુર- અરાવલી એક્ષપ્રેસ (૧૯૭૦૭) ટ્રેનમાં ગુરૂવારે પાલનપુર આરપીએફના હે. કો. નરેશ ચૌધરી અને દયાનંદ ગોઠવાલને પાલનપુર સુધીની સ્કોર્ટિંગ પાર્ટીની ડ્યુટી આપવામાં આવી હતી. આ ટ્રેન સાબરમતી રેલવે સ્ટેશનેથી રવાના થઈ ત્યારે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા કાળી ટીશર્ટ, ખાખી પેન્ટ અને કાળા બુટ પહેરેલા શખ્સ ઉપર શંકા ગઈ હતી. આથી તેના ઉપર નજર રાખવામાં આવી હતી. દરમિયાન ટ્રેન કલોલ સ્ટેશને પહોચી ત્યારે આ શખ્સ રેલવે સુરક્ષા દળની વર્દીમાં બિલ્લા સાથે જોવા મળ્યો હતો. જે આગળના જનરલ અને વિકલાંગ કોચમાં યાત્રિકો પાસેથી ટિકીટ અને વિકલાંગ પાસના નામે નાણાં પડાવતો હોઈ તેને ઝડપી લેવામાં આવ્યો હતો. અને નામઠામ પુછતાં મુળ મહેસાણાના મોઢેરા રોડ અને હાલ પાટણ બસ સ્ટેન્ડ પાછળ રહેતા તરૂણગીરી અશોકગીરી ગૌસ્વામી (ઉ.વ. ૨૫) હોવાનું જણાવ્યું હતુ. જેને પાલનપુર ખાતે ગુજરાત રેલવે પોલીસને સોંપવામાં આવતાં પીએસઆઈએ ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નકલી સ્વાંગ રચવાનો વિચાર કેવી રીતે આવ્યો

તરૂણગીરીએ વર્ષ ૨૦૧૩માં ગોલ્ડન ટેમ્પલ એકસ ટ્રેનમાં છ માસ સુધી કોચ એટેન્ડેન્ટનું કામ કર્યુ હતુ. તેમજ વર્ષ ૨૦૧૪માં ગુજરાત રક્ષક દળ (જીઆરડી)માં પાટણ હેડ કવાર્ટસમાં કામ કર્યુ હતુ. જે રેલવે સુરક્ષા દળના કામથી વાકેફ હોવાથી જો વર્દી પહેરવામાં આવે તો રેલવેમાં વિનામૂલ્યે મુસાફરી કરવા મળે અને મોકો મળે તો ખર્ચો પાણી પણ મળી જાય તે હેતુથી નકલી આરપીએફ જવાનનો સ્વાંગ રચ્યો હતો.



## વડગામ કોંગ્રેસ સમિતિ દ્વારા પેરા ઓલમ્પિક ગોલ્ડ મેડલિસ્ટનું સ્વાગત કરાયું

વડગામ તાલુકાના કોંગ્રેસ સમિતિ દ્વારા કોદરામ ગામના વતની વદનસિંહ રાણાના સુપુત્ર રાજેન્દ્રસિંહ રાણાએ પેરા ઓલમ્પિક ગેમ્સ માં ગોલ્ડ મેડલ જીતીને આંતર રાષ્ટ્રીયકક્ષાએ વડગામ તાલુકાનું ગૌરવ વધારેલ છે અને ગોલ્ડ મેડલ જીતી તાલુકાનું નામ રોશન કરનાર રાજેન્દ્રસિંહ રાણાનો કોંગ્રેસ સમિતિ દ્વારા સન્માનિત કાર્યક્રમ વડગામ તાલુકા પંચાયતના હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં વડગામના પુર્વ ધારાસભ્ય મણીભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સન્માન કાર્યક્રમમાં તાલુકાના મામલતદાર આર.સી. ઠાકોર, તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમાર, દેવુસિંહ ભાટી, ગોવિંદભાઈ આર. ચોધરી, નાવિંસિંહ રાજપૂત, માનંસંગભાઈ ઉપલાના શહિત તમામ પક્ષોના આગેવાનો, તમામ સમાજના આગેવાનો, પ્રબુદ્ધ નાગરિકો, ભાઈઓ, બહેનો, યુવાન મિત્રો સૌ કોઈ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

# ખેડબ્રહ્મા ગઢડા શામળાજી ચાંપલપુરમાં આખરે બે માધ્યમિક શિક્ષકો મુકવામાં આવ્યાં

ખેડબ્રહ્મા, તા.૯

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામ નજીક છેલ્લા ત્રણ વર્ષથી મંજુર થયેલી સરકારી માધ્યમિક શાળા હમણા સુધી મહેકમના અભાવનો સામનો કરતી હતી. સમગ્ર મામલે ગાંધીનગર સમાચાર દ્વારા ૩દિવસ પહેલા અહેવાલ પ્રસિદ્ધ કરી પંથકના વિદ્યાર્થીઓ માટે જરૂરીયાત બતાવી હતી. જેથી શિક્ષણ વિભાગે બે શિક્ષકોને હંગામી ધોરણે નિમણુંક કરી મહેકમની સમસ્યા દૂર કરી છે. આનાથી ગામલોકોને શિક્ષણનું સ્તર સુધારવાની આશા બની છે.

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામ નજીક ચાંપલપુર માધ્યમિક શાળા આવેલી છે. શાળા મંજુર થયાને ત્રણ વર્ષ વિતી ગયા છતાં શિક્ષકોનો અભાવ હતો. એક જ શિક્ષકથી ચાલતી શાળામાં શરૂઆતથી પરિણામ નબળુ આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી હતી. સમગ્ર મામલે ગામલોકો દ્વારા અવાર-નવાર રજૂઆતને પગલે ગાધીનગ સમાચાર ના અહેવાલની અસર થઈ છે.

# બનાસકાંઠામાં નકલી ચલણી નોટો ઘુસાડવાના કારસ્તાનનો પર્દાફાસ



પાલનપુર, તા.૯

બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ધાનેરા ખાતેથી નકલી બનાવટી ચલણી નોટો ઘુસાડવાના કારસ્તાનનો પર્દાફાસ કર્યો હતો. જેમાં ચાર શખ્સોની અટકાયત કરી તેમની પાસેથી નકલી ચલણી નોટો તેમજ નોટો બનાવવાની સાધન-સામગ્રી મળી કુલ રૂપિયા ૭૩,૧૫૦નો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં નકલી નોટો ઘુસાડવામાં આવે તે પહેલા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ધાનેરાના ચાર શખ્સોને ઝડપી લીધા હતા. આ અંગે જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુફે જણાવ્યું હતુ કે, લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ પી. એલ. વાઘેલા, પીએસઆઈ એ. એ. ચૌધરીએ સ્ટાફના મોહનસિંહ, પ્રવિણચંદ્ર, પ્રવિણસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, દિલીપસિંહ સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમીના આધારે ધાનેરા વ્હોરવાસના નાકા પાસેથી જીગ્નેશકુમાર છગનલાલ ઠક્કરને રૂપિયા ૩૨૦૦ની કિંમતની રૂપિયા ૨૦૦ના દરની નકલી નોટો ઝડપી લેવાયો હતો. જેની પુછપરછમાં સમગ્ર કારસ્તાનનો પર્દાફાસ થયો હતો.

### પુત્ર પુનામાં નોટો છાપી ધાનેરા તેના પિતાને મોકલાવતો હતો

જીગ્નેશ ઠક્કરે પોલીસની પુછતાછમાં જણાવ્યું હતુ કે, ધાનેરાના યુસુફભાઈ સૈફુદીન અમ્પાનવાલા અને હસન મકબુલહુસેન વોરાએ આ નોટો આપી હતી. આથી પોલીસે બંને શખ્સોની પુછપરછ કરતાં આ નોટો યુસુફ અમ્પાનવાલાનો પુત્ર બુરહાનુદીન પુના ખાતે બનાવતો હોવાનું જાણવા મળ્યું હતુ. આથી પોલીસે પુના જઈ તેને દબોચી લીધો હતો. પોલીસે પુના તેમજ ધાનેરા સ્થિત તેના રહેણાંક મકાનમાંથી રૂપિયા ૫૪,૮૦૦ની બનાવતી ભારતીય ચલણી નોટો, રૂપિયા ૭૫૦ની અસલી નોટ નંગ- ૬, તેમજ અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂપિયા ૭૩,૧૫૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

# ભિલોડા તાલુકામાં ઠેર ઠેર ઝરમરીયો વરસાદ

ભિલોડા,તા.૯

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શ્રાવણ માસ દરમ્યાન ઠેર-ઠેર ધીમી ધારે ઝરમરીયો હળવો વરસાદ વરસતા નીચાણવાળા વિવિધ હાર્દસમા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા રાહદારીઓ, વાહન ચાલકો હેરાન પરેશન થઈ રહ્યા હતા. વરસાદની આગાહી વચ્ચે હળવો વરસાદ વરસી રહ્યો છે. ગત રાત્રે ઝરમરીયો



વરસાદ વરસ્યો હતો. આજે વહેલી સવારથી જ ઝરમરીયો વરસાદ વરસતા ધરતીપુત્રોમાં સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે. નીચાણવાળા રહેણાંક વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા પ્રજાજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભિલોડા તાલુકામાં ચોમાસાની સિઝન દરમ્યાન એકંદરે ગત વર્ષની તુલનાએ વરસાદ ઓછો વરસતા ખેડુતો ચિંતિત છે. ભિલોડા તાલુકામાં આજ દિન સુધીમાં ૩૨૫ મી.મી.થી વધુ વરસાદ વરસતા નદી, નાળા, વાઘાં, કોતરો, તળાવો, ચેકડેમો, જળાશયો, ખેત તલાવડીઓમાં વરસાદી પાણીની નહીવત આવક જોવા મળી હતી.

ભારે વરસાદની આગાહી વચ્ચે ધીમી ધારે ઝરમર ઝરમર વરસાદ વરસતા સૌ-કોઈ ચિંતિત છે. ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદની ઘટ હોવાના કારણે જળાશયો ખાલીખમ ભાસી રહ્યા છે. ગાજ્યા મેહ વરસતા નથી ત્યારે મેહુલીયો મન મુકીને વરસે તેવી આશા સૌ-કોઈ રાખી રહ્યા છે. અડધુ ચોમાસુ વિતી ગયુ પરંતુ હાથમતી નદી, બુઢેલી નદી વહેતી થઈ નથી ? ગત વર્ષે ભિલોડા પાસેથી પસાર થતી વિવિધ નદીઓમાં વરસાદી પાણીના ઘોડાપુર આવ્યા હતા. હાલના તબક્કે નદીઓ કોરી ધાકોર જોવા મળે છે.

# આદિવાસી સમાજના શક્તિ પ્રદર્શન સમી રેલીએ જમાવ્યું ભારે આકર્ષણ



આદિવાસી સમાજના લોકો પરંપરાગત વેશભૂષામાં સજ્જ બની મોટી સંખ્યા માં હાથમાં તલવારો અને તીરકામઠા સાથે ઉમટી પડ્યા

પાલનપુરમાં વિશ્વ આદિવાસી દિવસના ભાગરૂપે રેલી યોજવામાં આવી હતી. રેલીમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો જોડાયા હતાં. બનાસકાંઠા જિલ્લો અરવલ્લી પર્વત માળાઓ વચ્ચે આવેલો જિલ્લો હોવાથી આદિવાસી સમુદાયના લોકો મોટી સંખ્યામાં વસે છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે આવેલી ભીલ સમાજની વાડીથી રેલીનું પ્રસ્થાન થયું હતું. રથ અને ડીજે સાથે ગીતોના તાલે રેલી શહેરના મુખ્ય માર્ગો પર નીકળી હતી. ચાલુ વરસાદમાં પણ રેલીમાં જિલ્લા ભરમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો જોડાયા હતાં.

# બનાસકાંઠામાં વન વિભાગના રોજમદારોને વેતન ચૂકવણામાં અન્યાય



પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સામાજીક વનીકરણ વિભાગમાં કામ કરતાં રોજમદારોને લઘુત્તમ વેતનમાં અન્યાય કરવામાં આવતો હોઈ ગુરૂવારે જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી. અને સાત દિવસમાં સમસ્યાનો નિવેડો લાવવા માટે જણાવાયું હતુ.

બનાસકાંઠા જિલ્લાના જુદાજુદા તાલુકાઓમાં સામાજીક વનીકરણ વિભાગમાં ફરજ બજાવતાં રોજમદારોએ ગુરૂવારે જિલ્લા કલેકટર સંદિપ સાંગલેને રજૂઆત કરી હતી. જેમાં જણાવાયું હતુ કે, વર્ષ ૨૦૧૮ના નાયબ વન સંરક્ષક અધિકારીએ અગાઉ કરાયેલા ઠરાવ પ્રમાણે રોજમદારોને પ્રથમ વર્ષમાં ૨૪૦ દિવસથી વધારે હાજરી હોય તો એવા રોજમદારોને સવેતન રવિવાર અને રાષ્ટ્રીય તહેવારોની રજા તેમજ તબીબી સવલત મળવા પાત્ર થશે તેવું ઠરાવ્યું હતુ. તેમજ નક્કી કરેલું લઘુત્તમ વેતન પણ છ મહિના સુધી આપવામાં આવ્યું હતુ. જોકે, આ ઉપરી અધિકારી નિવૃત થતાં તેમના હોદ્દા ઉપર આવેલા અધિકારીએ મનસ્વીપણ વેતન બંધ કરી લઘુત્તમ વેતન અને લાભોથી વંચિત રાખ્યા છે. રોજમદારોને તેમના પીસરેટ ઉપર તેમજ ૧૮ દિવસ કામકાજના ગણી ઓછુ વેતન આપી શારિરીક – માનસિક શોષણ કરવામાં આવી રહ્યું છે. જેથી હાલની કારમી મોઘવારીમાં ઘર ચલાવવું પણ મુસ્કેલ પડી રહ્યું છે. ત્યારે સાત દિવસમાં આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે રોજમદારોની માંગણી છે.



ચોથી ઓગસ્ટ પૂજ્ય આચાર્ય બાલ કૃષ્ણજીના જન્મદિવસ નિમિત્તે મોડાસા ઓધારી મંદિર પરિસરમાં જડીબુટ્ટી રોપા વિતરણ સમારોહ યોગ સમિતિ મોડાસાના નેજા હેઠળ રોહિતભાઈ પ્રજાપતિ ના હસ્તે રોપાઓનુ વિતરણ યોગ કલાસ માં આવતા શિબિરાર્થીઓને કરવામાં આવેલ. તેઓએ તેની જાળવણી કરી ઉછેરવાનો સંકલ્પ લીધો હતો.

# ધનસુરામાં ૫ ઈંચ વરસાદ



ધનસુરા, તા.૯

ધનસુરામાં ૫ ઈંચ વરસાદ વરસ્યો હતો.ધનસુરા તાલુકા નાછેવાડિયા તથા સેંગિયાનીરાયન સમ્પર્ક વિહોણા થયા હતા.

ધનસુરા તાલુકામાં ભારે વરસાદ વરસ્યો હતો ભારે વરસાદથી ધનસુરા તાલુકા નાછેવાડિયા તથા સેંગિયાનીરાયન સમ્પર્ક વિહોણા થયા હતા. ડીપ પર પાણી આવતા ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. જેથી ગામ લોકોને મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો.

ધનસુરા મા પણ ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા પરબડી બજાર અને રોડ પર પાણી ભરાયા હતા જેથી વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.ભારે વરસાદ થી ધનસુરા માં આવેલ તળાવમાં પાણી આવ્યું હતું.

**ફૂલો અને અત્તરોની નગરી ગણાતા પાલનપુર શહેરની દુર્દશા...**

# પાલનપુરના માલણ દરવાજા વિસ્તારમાં ગંદકીથી રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત

પાલનપુરના માલણ દરવાજા વિસ્તારમાં ગંદકીથી રોગચાળો ફાટી નીકળે તેવી દહેશતને પગલે આ હતું અને નગરપાલિકા તંત્ર સામે સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો. પરંતુ ત્યારબાદ કોઈ જ છે. ત્યારે આ વિસ્તારના રહીશો ગંદકીવાળા વિસ્તારમાં કેવી રીતે જીવન વ્યતિત કરી રહ્યા છે તે પણ



વિસ્તારના લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આ બાબતે રહીશોએ અગાઉ નગરપાલિકા સામે વિરોધ દર્શાવ્યો હતો. પરંતુ કોઈ પગલાં લેવાતાં ન હોય લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે.

એક સમયે ફૂલો અને અત્તરોની નગરી તરીકે ઓળખાતા પ્રહલાદનગર એટલે કે હાલના પાલનપુર નગરની હાલત જોવા જેવી થઈ છે. શહેરમાં જ્યાં જુઓ ત્યાં ગંદકીના ઢગ ખડકેલા જોવા મળી રહ્યા છે તેમાં શહેરના હાર્દસમા વિસ્તાર દિલ્હીગેટ વિસ્તારમાં પણ ગંદકીને પગલે વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. આ બાબતે દિલ્હીગેટ વિસ્તારના વેપારીઓએ પણ રજૂઆતો કરેલી છે. પરંતુ રજૂઆતોને ધ્યાને જ લેવાતી ન હોય લોકો ગંદકીને પગલે મુશ્કેલી ભોગવી રહ્યા છે.

પાલનપુરના માલણ દરવાજા વિસ્તાર માં રહેતા રહીશોએ અગાઉ પણ તેમના વિસ્તારમાં આવેલી ડમ્પિંગ સાઈટ હટાવી લેવા માટે આંદોલન શરૂ કર્યુ પગલાં ન લેવાતાં હજુ સુધી પણ આ વિસ્તારના લોકો ડમ્પિંગ સાઈટના ઓથા તળે ગંદકીમાં જીવી રહ્યા છે.

સામાન્ય દિવસોમાં તો ગંદકીની અસર આ વિસ્તારના રહીશોને ઓછી થાય છે. પરંતુ હાલમાં ચોમાસાની ઋતુ હોય આ ગંદકી કેટલી હદે ફુલી ફાલી છે કે આ વિસ્તારના રહીશોની તો ઠીક વાત છે પણ અહીંથી વાહન લઈ પસાર થતાં વાહન ચાલકો પણ બે મિનિટ માટે તો શ્વાસ પણ ન લઈ શકે તેવી દુર્ગંધ આવતી હોય ભારે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત એક સવાલ ઉઠ્યો છે. શહેરભરના અનેક વિસ્તારોમાંથી ગંદકી ઉંચકી લાવીને આ ડમ્પિંગ સાઈટ પર ઠાલવવામાં આવી રહી છે. જેને પગલે આ વિસ્તારના રહીશોને રોગચાળાના ભરડામાં ખાવાનો વારો આવ્યો છે. ત્યારે આ બાબતની ગંભીર નોંધ લઈ જિલ્લા કલેકટર આ બાબતે સૂચના આપી અને ડમ્પિંગ સાઈટ પરથી ગંદકી દૂર કરવામાં આવે અથવા તો આ વિસ્તારના રહીશોને અન્ય સ્થળે ખસેડવામાં આવે તેવી આ વિસ્તારના લોકોની માંગ ઉઠવા પામી છે.

## ચકલાસી શહેર માટે ૧૮ કરોડની વિક્રમજનક ગ્રાન્ટ મંજૂર કરાઈ

ચકલાસી, તા. ૯

ખેડા જિલ્લાની ચકલાસી નગરપાલિકા દ્વારા વિવિધ વિકાસલક્ષી કામો અંગે રૂ. ૧૮ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. ચકલાસી નગરકપાલિકાના પ્રમુખ અંબાલાલ પી. વાઘેલા અને સુધરાઈના સભ્યો અને ચીફ ઓફીસર યોગેશભાઈ ગણાત્રા દ્વારા ૧૮ કરોડની વિકાસલક્ષી ગ્રાન્ટ મંજૂર કરીને સુખાકારી કામો હાથ ધરવામાં આવ્યા છે. ચકલાસી શહેરના ૪૦ કરતા વધારે પરા વિસ્તારો આવેલા છે.જે પરા વિસ્તાર શહેરથી ૩ કી.મી. લઈને ૭ કી.મી. વિસ્તારના અંતરે આવેલ છે. સ્વર્ણીમ મુખ્યમંત્રી યોજના હેઠળ રૂ. ૨૫૦ કરોડ ઉપરાંત ૧૪મા નાણાપંચ હેઠળ ૭.૬૩ કરોડના કામો હાથ ધરાશે. રૂ. ૪ કરોડના વિકાસકામો માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. સુંદર બગીચો, તળાવ વિસ્તાર, ભુગર્ભ ગટર યોજના, સુધરાઈનુ નવું મકાન પણ બનાવવામાં આવશે. નગરસેવક રણજિતસિંહ વાઘેલા આ કામોમાં સેંકલન કરી કામો પૂર્ણ કરવા માટે જહેમત કરી રહ્યા છે.

## વડગામ શ્રીનગર સોસાયટી ખાતે વૃક્ષારોપણ કરાયું

બનાસકાંઠા જિલ્લામાં અપુરતા વરસાદ તથા ગ્લોબિંગ વોર્મિંગની અસરથી બચવા હાલ ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમ ચાલી રહ્યા છે. તો વડગામ મગરવાડી ચોકડી પાસે આવેલ શ્રીનગર સોસાયટીમાં સોસાયટીના દરેક ઘરના સભ્યો દીઠ એક વૃક્ષ વાવી અને જ્યાં સુધી તે એક મોટુ વટવૃક્ષ ના બને ત્યાં સુધી તેનું જતન કરવા વચનબદ્ધ પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવા સોસાયટીના સભ્યોમાં એમ.સી. પટેલ, અશ્વિનભાઈ પટેલ, દિનેશભાઈ દરજી, દિનેશભાઈ મોદી, નવીનભાઈ પટેલ, ગોવિંદભાઈ પ્રજાપિત, સેવકલાલ ભટ્ટ, ભાજપ અગ્રણી ગજેન્દ્રભાઈ સકસેના, એસ.વી. રહેવર, શર્માજી તથા સોસાયટીના દરેક મહિલા વર્ગ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમ સફળ બનાવવા દિનેશભાઈ મોદીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પાલનપુર નજીક દેવપુરા પાટીયા પાસેથી રિઢો વાહન ચોર ઝબ્બે



પાલનપુર

બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે પાલનપુર નજીકના દેવપુરાના પાટીયા પાસેથી ચોરીની જીપ સાથે વાવ તાલુકાના લોદ્રાણીના એક શખ્સને ઝડપી લીધો હતો. જેની પુછતાછમાં તેણે અગાઉ પંદરથી વધુ વાહન ચોરી કર્યા હોવાનું કબુલ્યુ હતુ. પોલીસે તેની પાસેથી બે વાહનો કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા પ્રદિપ સેજુફની સૂચનાથી લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ પી. એલ. વાઘેલા, પીએસઆઈ એ. એ. ચૌધરી સ્ટાફના કુલદિપસિંહ, મિલનદાસ સાથે પાલનપુર – ડીસા હાઈવે ઉપર દેવપુરાના પાટીયા પાસે નાકાબંધી કરી હતી. જે દરમિયાન નંબર પ્લેટ વિનાની ડીઆઈ જીપ ઉભી રખાવી તેના ચાલક વાવ તાલુકાના લોદ્રાણી ગામના કનુ ઉર્ફે દિનેશ રામાભાઈ વાલ્મિકીની પુછતાછ કરતાં તેણે આ જીપ ધાનેરા સરકારી દવાખાના આગળથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતુ. આ ઉપરાંત ભીલડી સોયલા ફાટક પાસેની સોસાયટીમાંથી બાઈક નં. જીજે. ૦૨. એફ. ૪૮૯૪ની પણ ચોરી કરી હતી. પરંતુ તે બંધ પડતાં પાલનપુર ડીસા હાઈવે નજીક રસાણા ગામના બસ સ્ટેન્ડ પાછળ વાડમાં બિનવારસી મુકી દીધુ હતુ. તેમજ ધાનેરા સનરાઈઝ શોપિંગની પાછળથી એક ડીઆઈ ગાડી નં. જીજે. ૨. એસી. ૬૫૮૦ની ચોરી કરી હોવાની પણ કબુલાત કરી હતી.